FMK-2049

<u>ખાનગી.</u>

**દારૂ,જુગાર કે નશીલા પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવામાં ઉદાસીનતાને કારણે તેમજ લાંચ રુશ્વતના કેસમાં સંડોવાયેલ પોલીસ અધિકારી/ કર્મચારીઓના ફરજમોકુફીના કેસોની સમીક્ષા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ફમક/૧૦૨૦૦૩/૨૦૪૯/ગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૧૩–૯–૦૪

**<u>વંચાણે લીધાઃ</u>**

૧. ગૃહ વિભાગનો તા.૨૩/૧૧/૮૭ નો પરીપત્ર ક્રમાંકઃ પીડીઈ/૧૦૭૦/૫૨૩૮/ભાગ–૨/ગ

ગૃહ વિભાગના તા.૨૩/૧૧/૮૭ ના પરિપત્ર ક્રમાંકઃ પીડીઈ/૧૦૭૦/૫૨૩૮/ભાગ–૨/ગ થી ફરજ મોકુફી હેઠળના પોલીસ ઈન્સ્પેકટરો અને તેથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારી/કર્મચારીઓના ફરજમોકુફીના કેસોની સમયાંતરે સમીક્ષા કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

દારુ જુગાર કે નશીલા પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવામાં ઉદાસીન/નિષ્ફળ રહેવાને કારણે ફરજમોકુફી હેઠળ મુકવામાં આવેલ પોલીસ અધિકારી/કર્મચારીઓને તેમજ લાંચ રુશ્વતના કેસોમાં સંડોવાયેલ પોલીસ અધિકારી/કર્મચારીઓના ફરજ મોકુફીના કેસોની સમીક્ષા કરવાનીબાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આથી,પુખ્ત વિચારણાને અંતે આવા ફરજમોકુફીના કેસોની સમીક્ષા કરવા બાબતમાં નીચે દર્શાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાનું ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ :</u>**

૧. દારુ,જુગાર કે નશીલા પદાર્થોની ગેરકાયદેસરની પ્રવૃત્તિ અટકાવવામાં ઉદાસીનતા/નિષ્ફળતાને કારણે ગણનાપાત્ર કેસોમાં ફરજ મોકુફ કરવામાં આવેલ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓના ફરજમોકુફીના કેસોની સમીક્ષા ઓછામાં ઓછા ૬ (છ)માસ સુધી કરવી નહી.પરંતુ જો આવા કેસની સમીક્ષા કરવા માટેના ખાસ કારણો ઉપસ્થિત થાય તો આ અંગે અગ્રસચિવશ્રી, ગૃહ વિભાગની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી જરુરી બનશે અને ત્યાર બાદ જ કાર્યવાહી હાથ ધરવી.

૨. દારુ,જુગાર કે નશીલા પદાર્થોની ગેરકાયદેસરની પ્રવૃત્તિ અટકાવવામાં ઉદાસીનતા/નિષ્ફળતાને કારણે ફરજમોકુફી હેઠળ મુકવામાં આવેલ પોલીસ અધિકારી/કર્મચારીને કેસની સમીક્ષા કર્યા બાદ પુનઃ ફરજ

FMK-2049

પર લેવામાં આવે ત્યારે તેઓને બે વર્ષ સુધી બીન સંવેદનશીલ જગ્યાએ કામ કરવાનું રહેશે એ શરતે પુન : ફરજ પર લેવાના રહેશે.

૩. પોલીસ તપાસના જે કેસોમાં સબંધિત અધિકારી/કર્મચારી સામે લાંચ રુશ્વત નિવારણ અધિનિયમ–૧૯૮૮ હેઠળ પ્રોસીક્યુશન શરુ થઈ ગયેલ હોય/ચાલુ હોય એટલે કે અદાલતમાં પોલીસ ખાતાએ તહોમતનામું મુકી દીધેલ હોય તેવા કિસ્સામા આવા અધિકારી/કર્મચારીને ફોજદારી ગુના સબબ ફરજમોકુફી હેઠળ મુકયાના બે વર્ષ બાદ જ પુનઃ સ્થાપિત કરવા વિચારણા કરવી.

ઉપરોક્ત સુચનાઓનો કડક અમલ કરવા તમામ શિસ્ત અધિકારીઓને આથી જણાવવામાં આવે છે. આ સૂચનાઓના અમલમાં ક્ષતિ કે ચૂક ને ગંભીર ગણી જવાબદાર સામે પગલા લેવાની સરકારશ્રીને ફરજ પડશે તેની નોંધ લેવા માટે પણ આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એ.ડી.ચાવડા)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી

માનનીય રાજ્યકક્ષા મંત્રીશ્રી(ગૃહ, નશાબંધી) ના અંગત સચિવશ્રી

અગ્રસચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી

સચિવશ્રી(વ.વ્ય.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી

સચિવશ્રી(ગૃહ) ના અગ્ર રહસ્ય સચિવશ્રી

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

સર્વે પોલીસ કમિશનરશ્રીઓ

સર્વે રેન્જ ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રી,/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી

સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ/સેનાપતિશ્રીઓ./નાયબ પોલીસ કમિશનરશ્રીઓ

ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાની કચેરીઓ

ગૃહ વિભાગની સર્વે શાખાઓ.

શાખા સીલેકટ ફાઈલ

નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.